જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૭/૧૨/૨૦૧૪ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૯૮૬/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી ૨૦૯ લીટર દેશી દારૂ, ૮૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૧ ઓટોરિક્ષા, ૧ મોટર સાયકલ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૯૮૭/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૯૮૮/૧૪**

**માધવપુરાઃ** મહેતાબ ઈલીયાસભાઈ ચાપાનેરીયા (ઉ.વ.૧૬)(રહે.દરજીની ચાલી ઈદગાહ અસારવા પુલ નીચે) ને તા.૫/૧૨/૧૪ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી મહમદસફીક અબુલહસન અન્સારી (રહે.મારવાડીની ચાલી શાહી મસ્જીદ પાછળ દુધેશ્વર) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જાર કર્મ કરવાના ઈરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ મહેતાબની માતા સઈદાબીબી ચાપાનેરીયાએ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એફ એ જોગલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૯૮૯/૧૪**

**ચાંદખેડાઃ** શંકરસીંગ કતારસીંગ સૈની (રહે.પદ્મપ્રભુનગર સોસાયટી જનતાનગર ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૧૨/૧૪ બપોરના ૧/૦૦ વાગ્યાથી તા.૫/૧૨/૧૪ સવારના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૭૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ એમ વાઢેર ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૯૯૦/૧૪**

**એલીસબ્રીજઃ** આરીફખાન જકરૂલ્લાખાન પઠાણ (રહે.મુસ્લીમ સોસાયટી નવા શેર બજાર દાણીલીમડા) એ તા.૨૮/૧૧/૧૪ બપોરના ૧/૪૫ વાગે એલીસબ્રીજ અતિથી હોટલ નજીક પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૧ સીટી ૨૩૫૬ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૩૦ મિનીટમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ આરીફખાન પઠાણે તા.૬/૧૨/૧૪ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો. શ્રી અબ્દુલઅજીજ અલીબક્ષ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.